**ખેડા જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત**

* **15/4/446 શ્રી યોગેન્દ્રસિંહ પરમાર**(ઠાસરા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મુત્યુ પામ્યા, | (૧) | ૦૨ પ્રાણઘાતક અકસ્માતમાં ૦૨ શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા. |
| (૨) | ઉક્ત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) | કુલ ૦૨ પ્રાણઘાતક અકસ્માતો પૈકી ૦૧ કારખાના સામે ૦૧ કેસ નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે તથા અન્ય ૦૧ કેસમાં મૃત્યુના કારણની જાણ માટે એફ.એસ.એલ.નો અહેવાલ બાકી હોઇ વિગતવાર તપાસ ચાલુ છે. |
| (૩) | આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે? | (૩) | (૧) કારખાનાઓમાં, કારખાના અધિનિયમ ૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ મુજબ નિરિક્ષણ કરવામાં આવેલ છે.<br>(૨) નિરિક્ષણ દરમ્યાન સદરહુ કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>(૩) શ્રમયોગીઓ તથા કબ્જેદારોમાં ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા સેફ્ટી સેમિનારોનું આયોજન કરેલ છે. |

......................